સોમવાર, 24 નવેમ્બર, 2025 માગશર સુદ ચોથ

# દૈનિક પલ્સ

દૈનિક પલ્સ સાથે આગળ રહો.....

@dailypulsenews24 | www.dailypulse.org.in | 9909911175 | R.N.I.NO: GJGUJ/25/A1447

✸ માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : રાવલ પ્રકાશ જગદીશ ✸ ૧૧/૩ ૩જો માળ, સિદ્ધેશ્વર હોલમાર્ક, અજવા રોડ, વડોદરા-૩૯૦૦૧૯ ✸ દૈનિક સોશિયલ આવૃત્તિ ✸

## બાલાસિનોરમાં ૨૦૦ શિક્ષકો BLO બનતા બાળકોનું પ્રાથમિક શિક્ષણ જોખમમાં, વ્યવસ્થા પડી ભાંગી

બાલાસિનોર તાલુકામાં શિક્ષકોને બીએલઓની કામગીરી સોંપાતા પ્રાથમિક શિક્ષણ પર ગંભીર સંકટ ઊભું થયું છે. તાલુકાની ૧૩૨ શાળાઓમાં ફરજ બજાવતા ૬૧૮ શિક્ષકોમાંથી કુલ ૨૦૦ જેટલા શિક્ષકોને બિન-શૈક્ષણિક કામગીરીમાં જોતરી દેવાયા છે, જેના કારણે નિયમિત અભ્યાસ ખોરવાયો છે.

આ નિર્ણયની સૌથી ગંભીર અસર ઉપાડીયા પ્રાથમિક શાળા પર પડી છે. અહીં ૩૮ વિદ્યાર્થીઓ સામે ફરજ બજાવતા શાળાના બંને શિક્ષકોને બીએલઓ બનાવતા શાળા ઇન્ચાર્જ શિક્ષકના હવાલે ચાલી રહી છે. એક જ શિક્ષક માટે ધોરણ ૧ થી ૫ના તમામ વિદ્યાર્થીઓને ભણાવવું અશક્ય બની ગયું છે. પરિણામે, નીચલા વર્ગોનું ભણતર જાળવવામાં આવે તો ૪ અને ૫માં ધોરણના વિદ્યાર્થીઓનું શિક્ષણ બગડે તેવું સ્પષ્ટ દેખાય છે. વળી, મુલતાનપુરા પ્રાથમિક શાળામાં પણ મોટી અસર જોવા મળી છે. અહીં ૮ માંથી ૫ શિક્ષકોને બીએલઓ ડ્યૂટીમાં લેવાતા ૨૫૪ જેટલા વિદ્યાર્થીઓનું ભણતર ખોરવાયું છે. શિક્ષકોની અછતને કારણે બાકીના શિક્ષકોને મજબૂરીમાં બધા વિદ્યાર્થીઓને શાળાના એક જ વર્ગમાં બેસાડી અભ્યાસ કરાવવા પડે છે, જેનાથી શિક્ષણની ગુણવત્તા પર ગંભીર અસર પડી રહી છે.

સરકારી કામગીરીમાં શિક્ષકોને જોડવાના આ નિર્ણયથી બાળકોનો અભ્યાસ બગડે છે અને તેઓ પોતાના નિયમિત શિક્ષકોની રાહ જોઈ રહ્યા છે, જે બાબત સમગ્ર શિક્ષણ વ્યવસ્થા માટે ચિંતાનો વિષય છે



## IGP કપ: પંચમહાલ પોલીસ ચેમ્પિયન, સૌહાર્દપૂર્ણ ક્રિકેટનું સમાપન

ગોધરાના રાજ્ય અનામત પોલીસ દળ (એસઆરપી) જૂથ-૫ ખાતે આયોજિત IGP કપ ક્રિકેટ ટુર્નામેન્ટનું સફળ સમાપન થયું છે. વહીવટી તંત્ર અને કાયદા વ્યવસ્થાની વિવિધ શાખાઓ વચ્ચે સંકલન અને સૌહાર્દ વધારવાના ઉદ્દેશ્ય સાથે ૫ નવેમ્બરથી આ સ્પર્ધા શરૂ થઈ હતી. ૩ નવેમ્બરે રમાયેલી રોમાંચક ફાઇનલ મેચમાં પંચમહાલ પોલીસની ટીમે શાનદાર પ્રદર્શન કર્યું હતું. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા પંચમહાલ પોલીસે નિર્ધારિત ૨૦ ઓવરમાં ૧૫૦ રન બનાવ્યા હતા. લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી દાહોદ જિલ્લા કલેક્ટરની ટીમ માત્ર ૮૬ રન જ નોંધાવી શકી, જેથી પંચમહાલ પોલીસ ૬૪ રનથી વિજેતા બની. ગોધરા રેન્જના IGP રાજેન્દ્ર અસારીના માર્ગદર્શન હેઠળ આ ટુર્નામેન્ટ સફળતાપૂર્વક પૂર્ણ થઈ. આ પ્રયાસ ખેલભાવના અને અધિકારીઓ તથા પોલીસકર્મીઓ વચ્ચે પરસ્પર સુમેળ વધારવામાં ખૂબ જ સફળ સાબિત થયો છે.

## મોબાઇલ ચોરીના ગુનામાં ૩ આરોપી ઝડપાયા

ભાવનગર શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં મોબાઇલ ચોરીની ઘટનાઓને લઇ મોટી કાર્યવાહી સામે આવી છે. યશ ભાવેશભાઇ આલાણી, અજય રાજુભાઇ ચાવડા અને પરવીનબેન સૈયદને ચોરીના મોબાઇલ સાથે ઝડપવામાં આવ્યા છે. તેમની પાસેથી Samsung Galaxy A16, A14 અને Oppo F27 Pro સહિત ₹૨૮,૦૦૦/- નો મુદ્દામાલ જપ્ત થયો છે. નીલમબાગ, બોરતળાવ અને ગંગાજળીયા પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલા કેસોનો ઉકેલ આવ્યો છે.









## ઓગડના કાકર ગામે ગૌચર પર દબાણ, તાત્કાલિક કાર્યવાહીની માંગ

ઓગડ તાલુકાના કાકર ગામની ઐતિહાસિક ગૌચર અને સરકારી જમીન પર થયેલા ગેરકાયદેસર દબાણને તાત્કાલિક દૂર કરવા માટે તાલુકા વિકાસ અધિકારીને લેખિત રજૂઆત કરવામાં આવી છે. બારોટ શૈલેષકુમાર છગનજીએ આ મામલે સત્વરે કાર્યવાહી કરવાની માંગ કરી છે. રજૂઆત મુજબ, સર્વે નંબર ૭ની સરકારી જમીન પર છેલ્લા ત્રણથી ચાર વર્ષથી ઈસમો દ્વારા ખેતી કરીને કબજો કરવામાં આવ્યો છે. આ દબાણથી સરકારને મોટું આર્થિક નુકસાન થઈ રહ્યું છે. ખાસ ઉલ્લેખનીય છે કે, આ જમીન વર્ષો પહેલા ગૌમાતાના રક્ષણ માટે બલિદાન આપનાર વીર બારોટજીના સન્માનમાં મુકવામાં આવેલી ગૌચર જમીન છે. અરજદારે આ પવિત્ર સ્થળને દબાણમુક્ત કરવા તાત્કાલિક વિનંતી કરી..

## બનાસકાંઠા: નર્મદા કેનાલ પાસેથી ગાંજા સાથે બે ઝડપાયા

બનાસકાંઠામાં નશાના કારોબાર પર પોલીસે ધોંસ બોલાવી છે. થરા પોલીસે ઓગડના ખારીયા ગામ પાસે નર્મદા કેનાલના સાયફન નજીકથી ગાંજાની હેરાફેરી કરતા બે શખ્સોને ઝડપી પાડ્યા છે. ચેકિંગ દરમિયાન ઊંઝાના અજય ઠાકોર અને એક સગીર પાસેથી ૫૪૬ ગ્રામ ગાંજો મળી આવ્યો હતો. પોલીસે ગાંજો, બાઈક અને મોબાઈલ સહિત કુલ ૬૪,૩૦૦નો મુદ્દામાલ જપ્ત કરી, એનડીપીએસ એક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## મહીસાગર: રક્ષક જ ભક્ષક, દારૂની ખેપ મારતો કોન્સ્ટેબલ ઝડપાયો




કહેવત છે કે જ્યારે વાડ જ ચીભડાં ગળે, ત્યારે ફરિયાદ કોને કરવી? મહીસાગર જિલ્લામાં કાયદાના રક્ષક ગણાતા પોલીસકર્મીએ જ ખાખી વર્દીને લજવતું કૃત્ય કર્યું છે. જિલ્લાના બાકોર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જયેન્દ્રસિંહ સોલંકી ખુદ દારૂની હેરાફેરી કરતા રંગેહાથે ઝડપાઈ જતા પોલીસ બેડામાં સોપો પડી ગયો છે.

ઘટનાની વિગત એવી છે કે, કોન્સ્ટેબલ જયેન્દ્રસિંહે પોતાના બુટલેગર મિત્ર કનુ માલીવાડને મદદ કરવા વર્દીનો દુરુપયોગ કર્યો હતો. તેમણે રાજસ્થાનથી અલ્ટો કારમાં વિદેશી દારૂની ૭ પેટીઓ ભરીને બિન્દાસ્ત મહીસાગરમાં પ્રવેશ કર્યો હતો. તેમને કદાચ વહેમ હતો કે પોલીસની ગાડી કે પોલીસનો માણસ હોવાથી કોઈ રોકશે નહીં. પરંતુ ડીટવાસ પોલીસની સતર્કતાએ આ ભ્રમ તોડી નાખ્યો. રાકાકોટ ચોકડી પાસે પોલીસે વોચ ગોઠવી કારને કોર્ડન કરી હતી. જ્યારે ગાડીમાંથી ૧.૨૨ લાખનો મુદ્દામાલ અને આરોપી તરીકે ખુદ પોલીસકર્મી મળ્યો, ત્યારે ચેકિંગ કરતી પોલીસ પણ ચોંકી ઉઠી હતી.

એક તરફ નવા એસપી શફી હશનના કડક વલણથી બુટલેગરો ભૂગર્ભમાં ઉતરી ગયા છે અને દારૂબંધીનો કડક અમલ થઈ રહ્યો છે, ત્યારે ઘરના જ ભેદીએ લંકા બાળી હોય તેમ પોલીસકર્મી જ બુટલેગરનો સાગરીત બની ગયો. આ ઘટનાએ સાબિત કર્યું છે કે ગુનેગાર ગમે તે હોય, કાયદો સૌના માટે સમાન છે.

## મહીસાગર: ૧૧૫ શિક્ષકોને નિવૃત્તિ લાભોનું ઐતિહાસિક વિતરણ

મહીસાગર જિલ્લામાં વહીવટી સંવેદનશીલતાનું એક ઉત્તમ ઉદાહરણ જોવા મળ્યું છે. સામાન્ય રીતે સરકારી નોકરીમાંથી નિવૃત્ત થતા કર્મચારીઓને પેન્શન કે અન્ય લાભો માટે કચેરીઓના અનેક ચક્કર લગાવવા પડતા હોય છે, પરંતુ મહીસાગર જિલ્લા પ્રાથમિક શિક્ષણ વિભાગે આ ચીલાચાલુ પ્રથાને તોડીને એક નવી અને સરાહનીય પહેલ કરી છે.

જિલ્લા પંચાયત હોલ ખાતે યોજાયેલા એક ભવ્ય કાર્યક્રમમાં, ૩૧ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ વયનિવૃત્ત થતા ૧૧૫ પ્રાથમિક શિક્ષકોને તેમના નિવૃત્તિના તમામ લાભો એક જ સ્થળે અને એક સાથે એનાયત કરવામાં આવ્યા હતા. જિલ્લા પંચાયત પ્રમુખ બાબુ પટેલ અને ડીડીઓ યુવરાજ સિદ્ધાર્થની ઉપસ્થિતિમાં શિક્ષકોને પી.પી.ઓ., જોડાણ-૨૨ અને એલ.પી.સી. જેવા મહત્વના દસ્તાવેજો હાથોહાથ સોંપવામાં આવ્યા હતા. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કૃપાબેન અને શિક્ષણ સમિતિના ચેરમેન પિનાકીન શુક્લાના પ્રયાસોથી સાકાર થયેલા આ આયોજનથી શિક્ષકોને નિવૃત્તિના દિવસે જ તેમનો હક્ક સન્માનપૂર્વક મળી ગયો હતો. જીવનભર શિક્ષણની સેવા કરનાર ગુરુજનોને સન્માન સાથે વિદાય આપવાની અને વહીવટી પ્રક્રિયાને સરળ બનાવવાની આ કામગીરીએ સમગ્ર જિલ્લામાં પ્રશંસા મેળવી છે.



## વડોદરા જિલ્લામાં નશામાં વાહન દોડાવવાના પાંચ બનાવો સામે

વડોદરા જિલ્લામાં ડ્રંક એન્ડ ડ્રાઈવના બનાવોમાં વધારો જોવા મળી રહ્યો છે. શિનોર વિસ્તારમાં કિરણભાઈ પુનાભાઈ તડવી હીરો સ્પ્લેન્ડર પર નશાની હાલતમાં ચાલતા ઝડપાયા. વરણામા વિસ્તારમાં જયેશભાઈ વિનોદભાઈ પઢીયાર હોન્ડા ડીયો પર બેદરકારીથી દોડાવતા જોવા મળ્યા.

વડોદરા તાલુકામાં કૌશિકભાઈ દિલીપભાઈ ચૌહાણ હીરો પેશન પ્રો પર નશો કરીને રસ્તા પર ઉતર્યા હતા. વાઘોડિયા વિસ્તારમાં કમલેશભાઈ રૂપસિંહભાઈ બારિયા અને ડભોઇમાં કરણભાઈ લક્ષ્મણભાઈ વસાવા પણ નશાની હાલતમાં મોટરસાયકલ ચલાવતા ઝડપાયા.

આ પાંચ બનાવો બાદ જિલ્લામાં માર્ગ સલામતી અને જાગૃતિ અંગે ફરી ચર્ચા શરૂ થઈ છે.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## ભાવનગર: મફતમાં નાસ્તો ન આપતા ત્રણ ભાઈઓ પર છરીથી હુમલો

ભાવનગરમાં હવે વેપારીઓ માટે 'મફતિયા તત્વો'નો આતંક માથાના દુખાવા સમાન બની ગયો છે. શહેરના આતાભાઈ ચોક પાસે એક ચોંકાવનારી ઘટના બની છે, જ્યાં માલધારી ટી-સ્ટોલ પર ચા-નાસ્તો કર્યા બાદ પૈસા માંગવા એ દુકાનદાર અને તેના ભાઈઓને ભારે પડી ગયું. પિયુષ દવે નામના શખ્સે મફતમાં નાસ્તો કર્યા બાદ પૈસા આપવાની ના પાડી દાદાગીરી શરૂ કરી હતી. જ્યારે ધ્રુવ અને તેના બે ભાઈઓએ વિરોધ કર્યો, ત્યારે આરોપીએ લાકડી વડે માર મારી અને ગળું દબાવી હુમલો કર્યો હતો. હદ તો ત્યારે થઈ જ્યારે આરોપી દુકાનમાં તોડફોડ કરી, પરત ફરીને હાથમાં ખુલ્લી છરી લઈને આવ્યો અને 'જો પૈસા માંગશો તો જાનથી મારી નાખીશ' તેવી ધમકી આપી. ભરબજારે બનેલી આ ઘટનાએ નાના વેપારીઓમાં ફફડાટ ફેલાવી દીધો છે. પોલીસ આવી પહોંચતા મામલો થાળે પડ્યો હતો, પણ સવાલ એ છે કે શું હવે વેપારીઓ પોતાની મહેનતના પૈસા પણ ન માંગી

## રાજકોટ: પાણીપુરી ખાવા ગયેલી પરિણીતાની નિર્મમ હત્યા

રંગીલા રાજકોટમાં ફરી એકવાર રક્તરંજિત ઘટના સામે આવતા અરેરાટી વ્યાપી ગઈ છે. શહેરના ભગવતીપરા વિસ્તારમાં આવેલી કોપર ગ્રીન સોસાયટીમાં રહેતા ૩૩ વર્ષીય સ્નેહાબેન આસોડીયાની અત્યંત ઘાતકી રીતે હત્યા કરવામાં આવી છે. ઘરથી માત્ર ૨૦૦ મીટર દૂર અવાવરું જગ્યાએથી સ્નેહાબેનનો મૃતદેહ માથું છુંદાયેલી હાલતમાં મળી આવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી છે.

ઘટનાની કરૂણતા એ છે કે, મૃતક સ્નેહાબેન ગઈકાલે સાંજે પતિને "હું પાણીપુરી ખાવા જાઉં છું" કહીને ઘરેથી નીકળ્યા હતા. પતિ હિતેશભાઈના જણાવ્યા અનુસાર, પત્નીએ તેમને ફોન પર ચોકમાંથી સાથે લઈ જવાનું કહ્યું હતું, પરંતુ તેઓ ત્યાં પહોંચ્યા ત્યારે પત્ની મળી ન હતી. ઘરે આવીને જોયું તો દરવાજો ખુલ્લો હતો અને ફોન ચાર્જિંગમાં હતો. રાતભરની શોધખોળ બાદ આજે સવારે તેમનો લોહીલુહાણ મૃતદેહ મળી આવ્યો હતો. આ હત્યા કોણે અને ક્યા કારણોસર કરી તે હજુ એક કોયડો છે, પરંતુ આ ઘટનાએ બે વર્ષના માસૂમ પુત્ર શિવાંશ પાસેથી તેની માતાની છત્રછાયા છીનવી લીધી છે. બીજી તરફ, સ્થાનિકોમાં રોષ છે કે સોસાયટીની આસપાસના વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટ કે સીસીટીવી કેમેરા જેવી પ્રાથમિક સુવિધા ન હોવાથી ગુનેગારોને મોકળું મેદાન મળી રહ્યું છે. હાલ તો પરિવાર આઘાતમાં સરી પડ્યો છે અને ન્યાયની માંગ કરી રહ્યો છે.



## સુરત: અણુવ્રતદ્વાર બ્રિજ નીચેથી કાફે સંચાલિકાનો મૃતદેહ મળ્યો

સુરતના અણુવ્રતદ્વાર ઓવરબ્રિજ પર એક અત્યંત ચોંકાવનારી અને રહસ્યમય ઘટના બની છે. બ્રિજની ઉપર એક OLA મોપેડ બિનવારસી હાલતમાં મળી આવ્યું અને તેની બરાબર નીચે, ૬૦ ફૂટની ઊંડાઈએ લોહીલુહાણ હાલતમાં એક યુવતીનો દેહ મળી આવ્યો.

મૃતકની ઓળખ વેસુમાં કાફે ચલાવતા ૨૮ વર્ષીય ઉષાબેન જૈન તરીકે થઈ છે. ટીઆરબી જવાનની સતર્કતાથી તેમને હોસ્પિટલ ખસેડાયા હતા, પરંતુ માથામાં ગંભીર ઈજાને કારણે તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. ઘટનાસ્થળની સ્થિતિ અનેક સવાલો ઉભા કરે છે. શું ઉષાબેને બ્રિજ પરથી કૂદીને આત્મહત્યા કરી છે? કે પછી બ્રિજ પર કોઈ અકસ્માત સર્જાતા તેઓ નીચે ફેંકાયા?

આ ઘટનાએ એક સુખી પરિવારનો માળો વિખેરી નાખ્યો છે. પતિ અને બે માસૂમ બાળકોને છોડીને ઉષાબેનનું આમ જવું અકસ્માત છે કે અંતિમ પગલું, તે કોયડો હાલ ઘેરો બન્યો છે.

## જૂનાગઢ સિવિલમાં હોબાળો: ૪ બાળ મૃત્યુના આક્ષેપ




જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ફરી એકવાર ગંભીર બેદરકારીના આક્ષેપોને કારણે વિવાદમાં આવી છે. ગત ૨૧મી નવેમ્બરના રોજ કાલસારીના એક બાળકનું સારવાર દરમિયાન મોત થતાં પરિવારજનોએ હોસ્પિટલમાં ભારે હોબાળો મચાવ્યો હતો. પરિવારે ડોક્ટર અને સ્ટાફની ઘોર બેદરકારીના કારણે બાળકનું મોત થયું હોવાનો આક્ષેપ કર્યો હતો, અને તોતિંગ આક્ષેપ કરતા એક જ દિવસમાં ૪ બાળકોના મોત થયાનો પણ દાવો કર્યો હતો.

પીડિતાના સંબંધી ભાનુબેન સાગઠિયાએ જણાવ્યું કે, વિસાવદરથી રિફર કરાયા છતાં ડોક્ટરોએ સમયસર સિઝેરિયન ન કર્યું, જેના કારણે બાળકનું મોત થયું. તેમણે ડોક્ટરો સમયસર હાજર ન રહેતા હોવાની પણ ફરિયાદ કરી હતી.

બીજી તરફ, ગાયનેક વિભાગના હેડ ડૉ. પ્રિયંકા જોગીયાએ તમામ આક્ષેપોને પાયાવિહોણા ગણાવ્યા. તેમણે સ્પષ્ટતા કરી કે એક બાળકના ધબકારા શરૂઆતથી જ ઓછા હતા, જ્યારે અન્ય એક દર્દીના કિસ્સામાં બાળકનું મોત પેટમાં જ થયું હતું. ડૉ. જોગીયાએ હોસ્પિટલનો બચાવ કરતા જણાવ્યું કે, હોસ્પિટલમાં મહિનાની ૫૦૦થી વધુ ડિલિવરી થાય છે. જોકે, આ ઘટનાએ સરકારી આરોગ્ય સેવાઓની ગુણવત્તા પર મોટો પ્રશ્નાર્થ મૂક્યો છે.

## GMERS બોયઝ હોસ્ટેલમાં રેગિંગ, ૧૪ વિદ્યાર્થીઓ રસ્ટિકેટ

ગાંધીનગરની GMERS મેડિકલ કોલેજની બોયઝ હોસ્ટેલમાં રેગિંગની શરમજનક ઘટના ફરી પ્રકાશમાં આવી છે. બીજા અને ત્રીજા વર્ષના કુલ ૧૪ સિનિયર વિદ્યાર્થીઓએ પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને બોલાવી 'ઇન્ટ્રો' આપવા અને તેમની સાથે પરાણે હસી-મજાક કરીને માનસિક રીતે ટોર્ચર કર્યા હતા.

પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓએ હિંમત દાખવીને કોલેજ સત્તાધિશો સમક્ષ લેખિતમાં રજૂઆત કરી હતી. તપાસના અંતે કસૂરવાર ઠરેલા ૧૪ વિદ્યાર્થીઓને તેમની સંડોવણીના આધારે ૬ માસથી લઈને ૨ વર્ષ સુધીના સમયગાળા માટે માત્ર હોસ્ટેલમાંથી રસ્ટિકેટ (સસ્પેન્ડ) કરવાનો નિર્ણય લેવાયો છે. જોકે, UGC રેગિંગને ફોજદારી ગુનો ગણાવતું હોવા છતાં, કોલેજ તંત્ર દ્વારા કડક કાર્યવાહીને બદલે નરમ નીતિ અપનાવીને મામલો દબાવી દેવાનો પ્રયાસ થયો હોવાના ગંભીર સવાલો ઊભા થયા છે.

ઉલ્લેખનીય છે કે, કોલેજ તંત્રએ વિદ્યાર્થીઓનું ભવિષ્ય ન બગડે તે કારણ આપી તેમને કોલેજમાંથી કાઢી મૂક્યા નથી. અગાઉ પણ ગત વર્ષે માર મારવા અને ઉઠક-બેઠક કરાવવાની ઘટના બની હતી, ત્યારે પણ માત્ર માફીપત્ર લખાવી મામલો દબાવી દેવાયો હતો. રેગિંગની ગંભીરતા છતાં હજી સુધી કોલેજમાં એન્ટી રેગિંગ કમિટીની બેઠક પણ મળી નથી.




## BAPSની રક્તદાન શિબિર: ૯૯૨ ભક્તોએ કર્યું મહાદાન

વડોદરાના અટલાદરા BAPS સ્વામિનારાયણ મંદિર ખાતે ગુરુહરિ મહંત સ્વામી મહારાજની ૯૨મી જન્મજયંતીની ઉજવણીના ભાગરૂપે વિરાટ રક્તદાન શિબિર યોજાઈ હતી. જેમાં કુલ ૯૯૨ હરિભક્તોએ રક્તદાન કર્યું હતું, અને આશરે ૩.૫૦ લાખ સીસી રક્ત એકત્ર થયું હતું.

સંસ્થાના વરિષ્ઠ સંતોએ પોતે રક્તદાન કરી પ્રેરણા આપી હતી. ભીડ ટાળવા માટે સ્લોટ નક્કી કરાયા હતા. CEO ડૉ. સમીર બ્રહ્મભટ્ટના મતે, એક વ્યક્તિનું રક્તદાન ત્રણ જીવ બચાવી શકે છે. મહંત સ્વામી મહારાજના જન્મ મહોત્સવ પૂર્વે આગામી ત્રણ મહિના સુધી વિવિધ સમાજસેવા કાર્યક્રમો યોજાશે.

## વડોદરામાં ૭૦ જંક્શન પર ૨૪ કલાક ટ્રાફિક સિગ્નલ

વડોદરા મહાનગરપાલિકાએ ટ્રાફિક વ્યવસ્થા સુધારવા માટે મોટો નિર્ણય લીધો છે. કમિશનર અરુણ મહેશ બાબુની સૂચનાથી શહેરના કુલ ૭૦ જંક્શન પરના ટ્રાફિક સિગ્નલ હવે ૨૪ કલાક કાર્યરત કરી દેવાયા છે.

રાત્રે સિગ્નલ બંધ હોવાથી થતા મનસ્વી ડ્રાઇવિંગ, ગંભીર અકસ્માતો અને ટ્રાફિક જામની સમસ્યા પર આનાથી નિયંત્રણ આવશે અને નાગરિકોને સલામત મુસાફરીની સુવિધા મળશે. આ ઉપરાંત, ટ્રાફિક ભારણવાળા ૧૦ નવા જંક્શનો પર વૈજ્ઞાનિક પદ્ધતિથી નિયંત્રિત નવી સિગ્નલ સિસ્ટમ સ્થાપવાની યોજના પણ તૈયાર કરવામાં આવી છે, જે ટૂંક સમયમાં શરૂ થશે.

## ભાઈગીરીમાં હુમલો: રિક્ષાચાલક સહિત બેને માર

વડોદરાના નવાયાર્ડ વિસ્તારમાં માથાભારે યુવક શહેબાઝ પઠાણ સહિત ત્રણ શખસોએ રિક્ષાચાલક નાઝીમ પઠાણ, તેના ભાઈ અને ભત્રીજા પર જીવલેણ હુમલો કર્યો હતો. નાઝીમ શનિવારે રાત્રે એક્ટિવા ઊભી રાખી વાત કરતો હતો, ત્યારે આરોપી શહેબાઝે 'મારા ઘર પાસે કેમ ઊભું છે' તેમ કહી ગાળાગાળી કરી માર માર્યો હતો.

વચ્ચે પડેલા ભાઈ-ભત્રીજાને પણ ત્રણેય આરોપીઓએ ગડદાપાટુ માર્યા હતા. હુમલામાં ઈજાગ્રસ્ત નાઝીમને સયાજી હોસ્પિટલમાં ખસેડાયો હતો. આરોપી શહેબાઝ સોશિયલ મીડિયા પર 'માફિયા' સોંગ પર રીલ મૂકવા માટે જાણીતો છે. ફતેગંજ પોલીસે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે.

## લાઇનમાં ઊભા યુવકની તબિયત લથડી, માથામાં ઇજા

વડોદરામાં મતદારયાદી સુધારણા ઝુંબેશ (SIR) દરમિયાન ફતેગંજની મહારાણા પ્રતાપ પ્રાથમિક શાળા ખાતે એક દુખદ ઘટના બની છે. લાંબા સમય સુધી લાઇનમાં ઊભા રહેવાને કારણે એક અરજદાર યુવકની તબિયત અચાનક લથડતા તે ચક્કર ખાઈને ઢળી પડ્યો હતો.

યુવક લગભગ ૨ કલાકથી લાઇનમાં ઊભો રહીને વારાની રાહ જોતો હતો. અચાનક ખેંચ આવતા તે જમીન પર પડ્યો અને તેના માથાના ભાગે ગંભીર ઈજા થતાં તે લોહીલુહાણ થઈ ગયો.

તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા તેને નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો છે. આ ઘટનાને પગલે વહીવટી તંત્રની કામગીરી પર સવાલો ઊભા થયા છે અને કોંગ્રેસના અગ્રણી રોનક પરીખે આ અંગે આકરા પ્રહારો કર્યા હતા.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## ખેલ મહાકુંભ: અડપોદરા શાળાની વિદ્યાર્થિનીઓએ મેડલ જીત્યા

હિંમતનગરના સાંબર સ્ટેડિયમ ખાતે યોજાયેલ જિલ્લા કક્ષાના ખેલ મહાકુંભમાં શ્રી અડપોદરા જૂથ પ્રાથમિક શાળાની વિદ્યાર્થિનીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે. અંડર-૧૧ લાંબી કૂદ સ્પર્ધામાં હનીબેન રાવળે પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી જિલ્લામાં પ્રથમ સ્થાન મેળવ્યું છે અને હવે તે રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામી છે. જ્યારે અંડર-૧૪ લાંબી કૂદમાં રચનાબેન ઝાલાએ ત્રીજો ક્રમ મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે. કોચ શ્રી કેતનકુમાર પટેલની મહેનતથી શાળા રમતગમત ક્ષેત્રે સતત પ્રગતિ કરી રહી છે.




## હિંમતનગરમાં BAPS દ્વારા બાળ વિદ્વાનોની અભિવાદન યાત્રાનો ભવ્ય આયોજન

હિંમતનગર BAPS સ્વામિનારાયણ મંદિર દ્વારા ગુરુહરિ મહંતસ્વામી મહારાજ લિખિત 'સત્સંગદીક્ષા' ગ્રંથના ૩૧૫ શ્લોકોનો મુખપાઠ પૂર્ણ કરનાર ૫ થી ૧૪ વર્ષના બાળ વિદ્વાનોને પ્રોત્સાહન આપવા ભવ્ય અભિવાદન યાત્રા યોજાઈ. મોદી ગ્રાઉન્ડથી ધારાસભ્ય શ્રી વીરેન્દ્રસિંહ ઝાલા સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં પૂજનવિધિ સાથે યાત્રા શરૂ થઈ. ૫૦ ટ્રેક્ટર, ૧૦૦ ટુ-વ્હીલર અને બાળ સંસ્કાર પ્રદર્શન સહિતની ૨ કિમી લાંબી યાત્રામાં ૭૦૦થી વધુ હરિભક્તો જોડાયા હતા. BAPS સંસ્થાનું આ કાર્ય બાળપેઢીમાં સંસ્કાર સિંચન માટે સરાહનીય છે.




## આધાર-પાન કાર્ડ લઈને કરોડોની લોન છેતરપિંડી કરનાર યુવાન વિરુદ્ધ ફરિયાદ

અમદાવાદમાં પર્સનલ લોન અપાવવાના બહાને કરોડોની છેતરપિંડીની ફરિયાદ આર્થિક ગુના નિવારણ શાખામાં નોંધાઈ છે. નિકોલના રહેવાસી વિશાલ વોરાએ નોકરિયાત અને વેપારીઓને પોતાની "વેપારી" તરીકેની ઓળખ આપીને અને "બેંકમાં સારું સેટિંગ" હોવાનું જણાવી છેતરપિંડી આચરી છે.
આરોપી વિશાલ વોરાએ ઇન્ટાસ ફાર્માસ્યુટિકલ કંપનીના કર્મચારી મેહુલ સતાસિયાને વિશ્વાસમાં લઈ, તેમના આધાર-પાનકાર્ડ સહિતના ડોક્યુમેન્ટ મેળવ્યા હતા. ત્યારબાદ HDFC, ICICI, અને બંધન બેંક જેવી સાત અલગ-અલગ બેંકોમાંથી મેહુલભાઈના નામે ₹૫૨ લાખની પર્સનલ લોન મંજૂર કરાવી લીધી હતી.
શરૂઆતમાં ₹૭.૭૯ લાખના હપ્તા ભર્યા બાદ વિશાલ વોરાએ હપ્તા ભરવાનું બંધ કરી દીધું. ઓગસ્ટ ૨૦૨૫માં છેલ્લો હપ્તો ભર્યા બાદ તે ઓફિસ અને ઘર બંધ કરીને ફરાર થઈ ગયો હતો. અન્ય લોકો પાસેથી પણ આ રીતે લાખો-કરોડોની લોન લઈને છેતરપિંડી કરી હોવાનું સામે આવતા, મેહુલભાઈએ આર્થિક ગુના નિવારણ શાખામાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ શરૂ કરી છે.

## લગ્ન પ્રસંગમાં ચોરી: પાર્ટી પ્લોટમાંથી ₹૪.૩૪ લાખની મત્તા ગાયબ

અમદાવાદમાં એસ.પી. રિંગ રોડ પર આવેલા ચંચળબા પાર્ટી પ્લોટમાં લગ્ન પ્રસંગ દરમિયાન તસ્કરોએ હાથ સાફ કરતા ચકચાર મચી ગઈ છે. ઘોડાસર વિસ્તારના રહેવાસી ફરિયાદી મનિષાબેન પંચાલ તેમના ભાઈના દીકરાના લગ્નમાં ગયા હતા, જ્યાં સોનાના દાગીના અને રોકડ સાથેનું તેમનું પર્સ ચોરાઈ ગયું છે. ચોરીની ઘટનાની વિગત મુજબ, મનિષાબેન પંચાલે દાગીના અને રોકડ રૂપિયા ભરેલું પર્સ લગ્ન સમારંભમાં સોફા પર રાખ્યું હતું.




કોઈક કામ હોવાથી તેઓ પર્સ સાથે લઈ જવાનું ભૂલી ગયા હતા. થોડા સમય બાદ જ્યારે તેઓ પર્સ લેવા પાછા ફર્યા ત્યારે તે સોફા પરથી ગાયબ હતું. આસપાસમાં ઘણી શોધખોળ કરવા છતાં પર્સ ન મળતા, લગ્ન પ્રસંગનો લાભ લઈને કોઈ અજાણ્યો શખ્સ ચોરી કરીને ફરાર થઈ ગયો હોવાનું બહાર આવ્યું હતું.
ચોરાયેલા પર્સમાં ₹૩ લાખથી વધુના સોનાના દાગીના સહિત કુલ ₹૪.૩૪ લાખની કિંમતનો મુદ્દામાલ હતો. તસ્કરો દ્વારા લગ્ન પ્રસંગોને નિશાન બનાવી ચોરીની ઘટનાઓને અંજામ આપતા હાજર લોકોમાં ફફડાટ ફેલાયો છે. ફરિયાદીએ આ ઘટના અંગે સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સ સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસે ફરિયાદના આધારે વધુ તપાસ શરૂ કરી છે.

## ચાઈનીઝ દોરી પર સકંજો: ૧૮,૦૦૦નો જથ્થો ઝડપાયો

ઉત્તરાયણનો તહેવાર નજીક આવી રહ્યો છે, ત્યારે અમદાવાદ જિલ્લામાં પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના ગેરકાયદેસર વેચાણ સામે તંત્રએ લાલ આંખ કરી છે. દેત્રોજ પોલીસે ચોક્કસ બાતમીના આધારે કોઈન્તિયા ગામમાંથી ચાઈનીઝ દોરીનો એક મોટો જથ્થો ઝડપી પાડ્યો છે અને આ મામલે એક આરોપીની ધરપકડ કરી છે. જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા ચાઈનીઝ દોરી અને તુક્કલના વેચાણ તથા ઉપયોગ પર સખ્ત પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ પ્રતિબંધના અસરકારક અમલ માટે અમદાવાદ જિલ્લા પોલીસ વડા ઓમ પ્રકાશ જાટ અને નાયબ જિલ્લા પોલીસ વડા ડો. તપનસિંહ ડોડીયાના સીધા માર્ગદર્શન હેઠળ વિરમગામ વિભાગની પોલીસ સતત સઘન ચેકિંગ કરી રહી છે. દેત્રોજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન પોલીસને ગુપ્ત બાતમી મળી હતી કે કોઈન્તિયા ગામમાં એક ઇસમ ચોરીછૂપીથી પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનું વેચાણ કરી રહ્યો છે. આ બાતમીને આધારે દેત્રોજ પીઆઈ એસ.એ. ગઢવીની ટીમે તાત્કાલિક દરોડો પાડ્યો હતો. પોલીસ ટીમે સ્થળ પર પહોંચીને કોઈન્તિયા ગામના રહેવાસી રાજેન્દ્રકુમાર તખાજી ઠાકોર નામના શખ્સને ઝડપી લીધો હતો. તેના રહેઠાણે તપાસ કરતા, વેચાણ માટે રાખેલી ચાઈનીઝ દોરીની કુલ ૬૦ રીલ મળી આવી હતી. પોલીસે આશરે ₹૧૮,૦૦૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરીને આરોપી વિરુદ્ધ દેત્રોજ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.




## સુરતમાં ડોક્ટરના આપઘાત કેસમાં નવા ખુલાસા

સુરતના સરથાણામાં 9મા માળેથી કૂદી ફિઝિયોથેરાપી ડોક્ટર રાધિકાના આપઘાત મામલે તપાસમાં નવા વિગતો બહાર આવી છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ મુજબ રાધિકાએ કૂદકો મારતા પહેલાં અનાજમાં વપરાતી ઝેરી ટીકડીઓ સેવન કરી હતી, જેના આધારે વિસેરા તપાસ શરૂ થઈ છે. CCTV ફૂટેજમાં પણ કાફે પહોંચ્યા બાદ તે બે મિનિટમાં ટીકડીઓ ખાતા જોવા મળે છે. ત્યાર થોડા સમય પછી તેણે આપઘાત કર્યો હતો. તપાસમાં મંગેતર સાથે તણાવ દર્શાવતા વ્હોટ્સએપ મેસેજ પણ સામે આવ્યા છે. પોલીસે મોબાઇલ, કાફે ડીવીઆર કબજે કરી વધુ તપાસ આગળ ધપાવી છે.

## એરપોર્ટ ગોલ્ડ દાણચોરી સિન્ડિકેટનો DRI પર્દાફાશ

અમદાવાદ એરપોર્ટ પર 14 નવેમ્બરે 1.62 કરોડનું સોનું ઝડપાયા બાદ DRIની તપાસમાં ગોલ્ડ દાણચોરીની સક્રિય સિન્ડિકેટ સામે આવી છે. તપાસમાં કાફે સંચાલક તેમજ એરપોર્ટ સુરક્ષાના બે અધિકારીઓની સંડોવણી બહાર આવતા ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી છે. DRI અનુસાર સિન્ડિકેટે બે મહિનામાં આશરે 16 કરોડ રૂપિયાનું સોનું દાણચોરીથી લાવ્યું હતું. કોર્ટમાં રજૂ કર્યા બાદ ત્રણેય આરોપીઓને ત્રણ દિવસના રિમાન્ડ પર સોંપાયા છે, જ્યારે પકડાયેલા મુસાફર અબ્દુલ નાશીર હાલ જ્યુડિશિયલ કસ્ટડીમાં છે.

## અમિત શાહે મુલાકાતથી બુક ફેસ્ટિવલમાં ઉમંગ

સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ચાલી રહેલા ‘અમદાવાદ ઇન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ-2025’ની કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે આજે મુલાકાત લીધી. તેમણે સ્ટોલ્સની મુલાકાત લઇ બાળકો સાથે સંવાદ કર્યો અને વાંચન પ્રત્યે પ્રોત્સાહિત કર્યા. સિગ્નેચર વોલ પર “કોમનવેલ્થ દેશોના ખેલાડીઓ માટે અમદાવાદ તૈયાર છે, સુસ્વાગતમ” લખીને શહેરની તૈયારીઓને બિરદાવી. સ્થળે હાજર લોકોએ ‘અમિત કાકા’ના નાદ સાથે તેમને અભિવાદન કર્યું. 11 દિવસીય આ ફેસ્ટિવલ 23 નવેમ્બર સુધી દરરોજ નિ:શુલ્ક પ્રવેશ સાથે ખુલ્લો છે.

## શિક્ષકોનું આંદોલન: ટેટ અને જૂની પેન્શન યોજનાની માગ

જૂની પેન્શન યોજના (OPS) લાગુ કરવા અને ટેટ પરીક્ષાને લઈને કેન્દ્ર સરકાર સામે દેશભરના શિક્ષકોએ મોરચો માંડ્યો છે. શૈક્ષિક સંઘે દિલ્હીમાં જંતર મંતર ખાતે રાષ્ટ્રવ્યાપી આંદોલનની જાહેરાત કરી છે, જ્યાં તમામ રાજ્યોના શિક્ષકો વિરોધ પ્રદર્શન માટે એકઠા થવાના છે. ગુજરાતમાંથી પણ બે હજાર જેટલા શિક્ષકો આ ધરણાંમાં જોડાશે.
શિક્ષકોની મુખ્ય માંગ છે કે ૨૦૦૫ પછીના તમામ શિક્ષકોને જૂની પેન્શન યોજનાનો લાભ મળવો જોઈએ. આ મામલે સપ્ટેમ્બર અને ઓક્ટોબરમાં રાજ્યભરમાં અનેક વખત આવેદન આપ્યા છતાં સરકારે માંગણીઓ ન સ્વીકારતા હવે દિલ્હીમાં રજૂઆત કરવામાં આવશે. ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ સહિત રાજ્યના તમામ શૈક્ષિક સંઘો આ રાષ્ટ્રવ્યાપી આંદોલનમાં જોડાશે. આ સાથે, શિક્ષકો ટેટ પરીક્ષાના મામલે પણ વિરોધ નોંધાવી રહ્યા છે. સુપ્રીમ કોર્ટ દ્વારા ૨૦૧૦ પહેલા નિમણૂક પામેલા શિક્ષકોને ટેટમાંથી મળેલી મુક્તિ રદ કરવામાં આવતા, આ શિક્ષકો માટે ટેટ પાસ કરવી ફરજિયાત બની છે. જ્યાં સુધી તેઓ ટેટ પાસ ન કરે ત્યાં સુધી તેમને પગાર ધોરણ પણ નહીં મળે. આ નિર્ણયના વિરોધમાં આવતીકાલે શિક્ષકો જંતર મંતર પર ધરણાં કરશે.



સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## પ્રેમ પ્રકરણમાં હત્યા: યુવકની તીક્ષ્ણ હથિયારથી હત્યા

અમદાવાદના વટવા જીઆઇડીસી વિસ્તારમાં પ્રેમ પ્રકરણનો કરુણ અને હિંસક અંત આવ્યો છે. પ્રેમ સંબંધ રાખવા માટે યુવતી પર દબાણ કરતા યુવકે, તેને સમજાવવા આવેલા યુવતીના ભાઈની તીક્ષ્ણ હથિયાર વડે હત્યા કરી દીધી છે. હાથીજણ સર્કલ પાસે રહેતી ફરિયાદી મોનિકા સુથારે જણાવ્યું કે, અસારવાના અશ્વિન ઝાલા સાથે તેને પ્રેમસંબંધ હતો. પરંતુ મોનિકાએ લગ્ન કરવાની ના પાડતા અને વાત ન કરતા, અશ્વિન તેને સતત પરેશાન કરતો હતો.

મોનિકાના મોટાભાઈ મનીષ આ મામલે અશ્વિનને સમજાવવા માટે ત્રિકમપુરા કેનાલ પાસે ગયા હતા. આ દરમિયાન બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થતા, ઉશ્કેરાયેલા અશ્વિને મનીષને મોઢા, ગળા અને છાતીના ભાગે તીક્ષ્ણ હથિયારના ઘા મારી દીધા, જેના કારણે મનીષનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું. વટવા જીઆઇડીસી પોલીસે અશ્વિન વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## સોલા બ્રિજ પર પુત્ર સાથે પરિણીતાનો આત્મહત્યા કેસ બહાર આવ્યો




અમદાવાદના સોલા બ્રિજ પાસે રેલ્વે ટ્રેક પર પરિણીતાએ પોતાના ત્રણ વર્ષના પુત્ર સાથે પડતું મૂકી આપઘાત કરી લીધો છે. પરિણીતાએ પતિ, સાસુ અને સસરાના ત્રાસથી કંટાળીને આ અંતિમ પગલું ભર્યું હોવાનું સામે આવ્યું છે.

વિરમગામમાં રહેતા અંબારામભાઈ સોલંકીએ બોડકદેવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે, તેમની દીકરી મીતાના લગ્ન ૨૦૧૬માં હસમુખ મકવાણા સાથે થયા હતા. લગ્ન બાદ પતિ હસમુખ શક રાખીને મારઝૂડ કરતો હતો, જ્યારે સાસુ શારદાબેન અને સસરા કનુભાઈ પણ શારીરિક અને માનસિક ત્રાસ આપતા હતા.

દોઢ વર્ષ પહેલાં જ્યારે મીતાના ભાઈના લગ્ન હતા, ત્યારે સાસરિયાઓએ તેને ત્યાં જવા દીધી નહોતી અને ધમકી આપી હતી કે 'જો તારે લગ્નમાં જવું હોય તો તું મરી જજે.' સતત ત્રાસથી કંટાળીને મીતાએ ૨૧મી નવેમ્બરે સવારે ૯:૩૦ વાગ્યે સોલા બ્રિજ પાસે પુત્ર સાથે આપઘાત કરી લીધો. બોડકદેવ પોલીસે મૃતક મીતાના પતિ હસમુખ, સાસુ શારદાબેન અને સસરા કનુભાઈ વિરુદ્ધ આત્મહત્યા માટે દુષ્પ્રેરણાનો ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

## ૬ માળનું ગેરકાયદે બાંધકામ તોડાયું: બિલ્ડર સામે ફરિયાદ

અમદાવાદના ગાયકવાડ હવેલી વિસ્તારમાં બિલ્ડિંગ માફિયાઓ સામે મોટી કાર્યવાહી કરવામાં આવી છે. જમાલપુરના બિલ્ડર માફિયા તૌસિફ કાદરી અને ફારૂક અબ્દુલકાદર દ્વારા AMC કે આર્કિયોલોજી વિભાગની મંજૂરી વગર ગેરકાયદેસર રીતે ૬ માળનું રહેણાંક ફ્લેટ ઊભું કરવામાં આવ્યું હતું.

AMC દ્વારા આ અંગે ૬ નોટિસ પાઠવવામાં આવી હોવા છતાં બાંધકામ દૂર ન થતાં, આખરે ગાયકવાડ હવેલી પોલીસના સહયોગથી ૫,૯૦૦ ચોરસ મીટરનું ગેરકાયદેસર બાંધકામ તોડી પાડવામાં આવ્યું છે.

બાંધકામ મંજૂરી વિના અને નીચી ગુણવત્તાવાળું હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. પોલીસે ગેરકાયદેસર બાંધકામ ઊભું કરવા બદલ બંને આરોપીઓ સામે ફરિયાદ નોંધી ધરપકડની કાર્યવાહી હાથ ધરી છે. આ વિસ્તાર મોન્યુમેન્ટ એરિયામાં આવતો હોવા છતાં મંજૂરી લેવાઈ ન હતી.

## સનાથલ-બાવળા હાઈવે પર કાર બળીને ખાખ

સનાથલ-બાવળા હાઈવે માર્ગ પર વહેલી સવારે એક ચાલુ કારમાં અચાનક આગ લાગવાની ગંભીર ઘટના સામે આવી છે. સદભાગ્યે, આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નહોતી, પરંતુ આગની જ્વાળાઓ એટલી તીવ્ર હતી કે કાર સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગઈ હતી.

પ્રાથમિક માહિતી મુજબ, કારમાંથી અચાનક ધૂમાડા નીકળવા શરૂ થયા હતા અને જોતજોતામાં આગે આખા વાહનને પોતાની લપેટમાં લઈ લીધું હતું. આ ભીષણ આગને કાબૂમાં લેવા માટે ફાયર ફાઈટરની ટીમે ઘટનાસ્થળે પહોંચીને બે કલાક સુધી ભારે જહેમત ઉઠાવવી પડી હતી. જોકે, ફાયર બ્રિગેડની ટીમ પહોંચે તે પહેલાં જ કારનું માળખું સંપૂર્ણપણે ભસ્મ થઈ ગયું હતું.

આ ઘટના અંગે સ્થાનિક તંત્ર દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. આગ કયા કારણોસર લાગી (શોર્ટ સર્કિટ કે અન્ય કોઈ કારણ) અને ઘટના સમયે કારમાં કોણ સવાર હતું, તે અંગેની વિગતો મેળવવામાં આવી રહી છે. હાઈવે પર બનેલી આ ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે, જેના આધારે વધુ ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવી છે. આ બનાવથી હાઈવે પર થોડા સમય માટે ટ્રાફિક પણ પ્રભાવિત થયો હતો.



## ઘરેલું હિંસા: NRI પતિ સહિત ૪ સામે ફરિયાદ

વડોદરાના પાણિગેટ પોલીસ સ્ટેશનમાં પરિણીત મહિલા પરના અત્યાચાર બદલ ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદી સોનાલી પંચાલ (રહે. વાઘોડિયા રોડ)એ તેમના NRI પતિ ભાવિન પંચાલ (હાલ પોલેન્ડ) સહિત કુલ ચાર સાસરિયાઓ સામે ફરિયાદ દાખલ કરાવી છે.

મહિલાને દહેજની માંગણી, માનસિક-શારીરિક ત્રાસ અને ગાળો બોલી દબાણ કરવામાં આવ્યું હતું. આરોપીઓએ સ્ત્રીધન રાખી લઈ છૂટાછેડાની ધમકી આપી હોવાનો પણ આરોપ છે. પોલીસે ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## વડોદરામાં ૩૫ કેસ: દારૂબંધીના કાયદાનો સકંજો

વડોદરા શહેરમાં પ્રોહિબિશનના કેસોમાં વધારો જોવા મળી રહ્યો છે. તા. ૨૨/૧૧/૨૦૨૫ના રોજ શહેરના વિવિધ વિસ્તારોમાંથી કુલ ૩૫ દારૂના કેસ નોંધાયા છે. કાર્યવાહી દરમિયાન પોલીસે ૩૩ લિટર દેશી દારૂ, જેમાં રૂ. ૬,૬૦૦ મૂલ્યનો મુદ્દામાલ સામેલ છે, કબજે કર્યો હતો. additionally, પીધેલી હાલતમાં પકડાયેલા ૨૮ ઈસમો સહિત કુલ ૩૫ લોકોને અટક કરવામાં આવ્યા હતા. શહેરમાં વધતા ગેરકાયદેસર દારૂના પ્રવાહને લઈને ચિંતા વ્યાપી છે.

## વડોદરાના વારસિયામાંથી બોડેલીનો વોન્ટેડ રીઢો બુટલેગર ઝડપાયો

વડોદરા શહેર પોલીસે દારૂના ગુનામાં નાસતા ફરતા આરોપીઓ સામે લાલ આંખ કરી છે. વારસિયા પોલીસે બાતમીના આધારે વોચ ગોઠવીને બોડેલીના વોન્ટેડ બુટલેગરને ઝડપી પાડ્યો છે. છોટાઉદેપુરના બોડેલી પોલીસ સ્ટેશનમાં પ્રોહિબીશનના ગુનામાં વોન્ટેડ આકાશ કિશોરભાઈ કહાર વડોદરાના કિશનવાડી વિસ્તારમાં છુપાયો હોવાની બાતમી મળી હતી. જેના આધારે પોલીસે મોતીનગર ત્રણ રસ્તા પાસેથી તેને દબોચી લીધો છે. મહત્વનું છે કે, આકાશ રીઢો ગુનેગાર છે અને અગાઉ પાણીગેટ તથા બાપોદમાં મારામારી અને જુગાર સહિતના અનેક ગુનામાં પકડાયેલ છે તેમજ પાસા હેઠળ પણ જેલ જઈ ચૂક્યો છે.



## મકરપુરા જશોદા કોલોનીમાંથી જુગાર રમતા ત્રણ શખ્સો ઝડપાયા

વડોદરામાં જાહેરમાં ચાલતા જુગારધામ પર મકરપુરા પોલીસે દરોડો પાડ્યો છે. જશોદા કોલોનીમાં આવેલા ભાથીજી મંદિર પાસેની ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો હારજીતનો જુગાર રમી રહ્યા હોવાની બાતમી મળી હતી. જેના આધારે પોલીસે રેડ કરતા ધર્મેશ તડવી, કુલદીપ ઉર્ફે બોખો સુર્વે અને જૈમીન રાય નામના ત્રણ શખ્સો પત્તા ટીચતા ઝડપાઈ ગયા હતા.

પોલીસે સ્થળ પરથી રોકડા રૂપિયા ૧૯,૩૪૦, બે મોબાઈલ અને એક હોન્ડા ડીયો સ્કૂટર મળી કુલ રૂપિયા ૬૯,૩૪૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. મકરપુરા પોલીસે ત્રણેય આરોપીઓ વિરુદ્ધ જુગારધારાની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



## વાડીમાં ઝઘડો: ધમકી-મારામારી, બે શખ્સ સામે ફરિયાદ

વડોદરાના વાડી વિસ્તારમાં સામાજિક વિવાદના પગલે ધાક-ધમકી અને મારામારીનો ગંભીર બનાવ સામે આવ્યો છે. વાડી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, ફરિયાદી કમાલ રહીમ અબ્દુલ રહીમ કુરેશીએ બે ઇસમો વિરુદ્ધ ગુનો નોંધાવ્યો છે. આરોપીઓમાં ડભોઈના હાજી અબ્દુલગની અને આજવા રોડના હૈદર ઇસ્માઇલ કુરેશીનો સમાવેશ થાય છે. ઘટનાની વિગત એવી છે કે, ગત તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૨૫ના રોજ રાત્રે આશરે આઠ વાગ્યાના અરસામાં, કુરેશી હોલ, વાડીની બહાર આ બનાવ બન્યો હતો. આરોપીઓએ ફરિયાદી કમાલ કુરેશી સાથે ઝઘડો શરૂ કર્યો હતો, જેનું મૂળ કારણ ફરિયાદી દ્વારા **'સમાજના વડીલોને અમારા વિરુદ્ધ ઉશ્કેરવા'**નું હતું.




ઝઘડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં આરોપીઓએ ફરિયાદીને ગંદી ગાળો આપી હતી. એટલું જ નહીં, ઉશ્કેરાઈ ગયેલા આરોપીઓએ ફરિયાદીને ડાબા જડબાના ભાગે લાફો મારી દીધો હતો અને તેમને જાનથી મારી નાખવાની ખુલ્લી ધમકી આપી હતી. આ ઘટનાથી વિસ્તારમાં તણાવનું વાતાવરણ સર્જાયું હતું.

પોલીસે ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી, આ મામલે સઘન તપાસ શરૂ કરી છે. આ કેસની તપાસ પો.સ.ઇ. શ્રી આર.કે. ચાવડાને સોંપવામાં આવી છે. સામાજિક વિવાદોના આ પ્રકારના હિંસક ઉકેલ સામે કાયદાનો સકંજો કસાયો છે.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## ડભોઇ: ફ્રીજમાં શોર્ટ સર્કિટથી આગ, ઘરવખરી બળીને ખાખ

ડભોઇ નગરમાં આજે વહેલી સવારે આગની ઘટનાએ ભારે અફરાતફરી મચાવી હતી. નાના કુંભારવાડા વિસ્તારમાં રહેતા ડાયાભાઈ પ્રજાપતિના મકાનમાં અચાનક ફ્રીજમાં શોર્ટ સર્કિટ થતાં આગ ભભૂકી ઉઠી હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા ઘરમાં રહેલું ફર્નિચર, કપડાં અને તમામ ઇલેક્ટ્રોનિક્સ સામાન બળીને ખાખ થઈ ગયો હતો.

સદનસીબે પરિવારજનો સમયસર જાગી જતા અને ઘર બહાર નીકળી જતા મોટી જાનહાનિ ટળી હતી. ઘટનાની જાણ થતાં જ ડભોઇ નગરપાલિકાના ફાયર ફાઈટરોએ તાત્કાલિક સ્થળ પર પહોંચી પાણીનો મારો ચલાવી આગ કાબૂમાં લીધી હતી. GEB ટીમે પણ તકેદારીના ભાગરૂપે વીજ પુરવઠો બંધ કર્યો હતો. આ દુર્ઘટનામાં ગરીબ પરિવારને મોટું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.

## ભારતનો દબદબો: મહિલા ટીમે ફાઇનલમાં નેપાળને હરાવ્યું

પી. સારા ઓવલ સ્ટેડિયમ ખાતે રમાયેલી ફાઇનલમાં ભારત મહિલા ટીમે નેપાળને હરાવીને ટાઇટલ જીત્યું. ભારતે ટોસ જીતી બોલિંગ પસંદ કરી, અને નેપાળ ૨૦ ઓવરમાં ૫ વિકેટે માત્ર ૧૧૪ રન જ બનાવી શક્યું, જેમાં ભારતીય બોલરોના દબદબાને કારણે ફક્ત એક જ બાઉન્ડ્રી ફટકારવા મળી. જવાબમાં, ભારતે માત્ર ૧૨ ઓવરમાં લક્ષ્ય હાંસલ કર્યું. ભારત માટે ફુલા સરીને ૨૭ બોલમાં ૪૪ રન*ની અણનમ ઇનિંગ રમી ટીમને ચેમ્પિયન બનાવી. સરીનને પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ મળ્યો. ટીમ ઇન્ડિયા આખી ટુર્નામેન્ટમાં અણનમ રહી.



## નિવૃત્ત વૃદ્ધ શિકાર: સાયબર ઠગે ₹૨.૮૧ લાખ ઉઠાવ્યા

અમદાવાદના વેજલપુર વિસ્તારમાં રહેતા ૮૩ વર્ષીય એરફોર્સના નિવૃત્ત વૃદ્ધ સાયબર ફ્રોડનો ગંભીર શિકાર બન્યા છે. વૃદ્ધના બેંક ખાતામાં રહેલા પેન્શન, એફ.ડી. અને અન્ય સેવિંગ્સના રૂપિયા પર સાયબર ઠગિયાએ હાથ સાફ કર્યો છે.

આ ફ્રોડની જાણ ત્યારે થઈ જ્યારે વૃદ્ધ મકાનનું વીજળી બિલ ભરવા માટે ગૂગલ પે (Google Pay) ચેક કરવા ગયા અને ખાતામાં પૂરતું બેલેન્સ ન હોવાનું નોટિફિકેશન આવ્યું. તેમણે દીકરાને બેંક એકાઉન્ટ ચેક કરવા કહ્યું. ચેક કરતા માલૂમ પડ્યું કે પંજાબ નેશનલ બેંકના બંને ખાતાઓમાં રહેલા ₹૩ લાખમાંથી મોટાભાગની રકમ ગાયબ છે.

વૃદ્ધના દીકરાએ છેલ્લા ત્રણ મહિનાના સ્ટેટમેન્ટ ડાઉનલોડ કર્યા, જેમાં ૨૪ ઓક્ટોબરથી ૨૮ ઓક્ટોબર દરમિયાન પાંચ જેટલા ટ્રાન્ઝેક્શનથી કુલ ₹૨.૮૧ લાખની રકમ વૃદ્ધની જાણ બહાર ટ્રાન્સફર થઈ ગઈ હોવાનું સામે આવ્યું હતું. આ ટ્રાન્ઝેક્શનના કોઈ મેસેજ પણ તેમને મળ્યા નહોતા. આટલી મોટી રકમ ગુમાવતા, વૃદ્ધે તાત્કાલિક સાયબર હેલ્પલાઇન પર ફરિયાદ નોંધાવી અને વેજલપુર પોલીસ સ્ટેશનમાં અજાણ્યા સાયબર ઠગિયા સામે ગુનો દાખલ કરાવ્યો છે. પોલીસે તપાસ શરૂ કરી છે.




## અમરેલીમાં સરદાર@૧૫૦ યુનિટી માર્ચ યોજાઈ: હજારો જોડાયા



અમરેલી જિલ્લામાં આજે રાષ્ટ્રીય એકતા અને દેશભક્તિનો અનોખો સંગમ જોવા મળ્યો હતો. સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિના વર્ષની ઉજવણી નિમિત્તે રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે, જેના ભાગરૂપે અમરેલીમાં 'સરદાર@૧૫૦ યુનિટી માર્ચ'નું આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્ય સરકારના મંત્રી કૌશિક વેકરીયાની વિશેષ ઉપસ્થિતિમાં આ પદયાત્રા અમરેલીના સરદાર સર્કલથી શરૂ થઈ હતી અને શેડુભાર ગામ સુધી ચાલી હતી. આ માર્ચમાં હજારોની સંખ્યામાં લોકો જોડાયા હતા, જેના કારણે સમગ્ર રૂટ પર માનવ મહેરામણ જોવા મળ્યું હતું. યાત્રાનો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિકોમાં એકતા, અખંડિતતા અને આત્મનિર્ભરતાનો સંદેશ ફેલાવવાનો હતો.

પદયાત્રા દરમિયાન સહભાગીઓએ હાથમાં તિરંગા સાથે રાષ્ટ્રભક્તિના નારા લગાવ્યા હતા. મંત્રી કૌશિક વેકરીયાએ જણાવ્યું હતું કે, સરદાર સાહેબના સંકલ્પોને સાકાર કરવા માટે નવી પેઢીને જાગૃત કરવી જરૂરી છે. આ યાત્રાએ શહેરમાં એક નવી ઊર્જાનો સંચાર કર્યો છે. શેડુભાર ખાતે યાત્રાના સમાપન સમયે ઉપસ્થિત સૌએ રાષ્ટ્રનિર્માણમાં યોગદાન આપવાના શપથ લીધા હતા. આ પ્રસંગે સ્થાનિક આગેવાનો, યુવાનો અને મહિલાઓની મોટી સંખ્યામાં હાજરી જોવા મળી હતી, જેમણે શિસ્તબદ્ધ રીતે યાત્રા પૂર્ણ કરી સરદાર પટેલને ભાવાંજલિ અર્પણ કરી હતી.

## ગાંધીનગર: બાલાજી મંદિરની નિ:શુલ્ક સ્કૂલ અંગે મહત્વની બેઠક

રાજ્યમાં શિક્ષણનો વ્યાપ વધારવા માટે સરકાર અને સામાજિક સંસ્થાઓ સાથે મળીને કામ કરી રહી છે, જેનું એક ઉદાહરણ આજે ગાંધીનગર સચિવાલયમાં જોવા મળ્યું હતું. બાલાજી હનુમાન મંદિર ખાતે તૈયાર થયેલી નવીનીકૃત નિ:શુલ્ક સ્કૂલના સંચાલન અને વિકાસ અંગે ચર્ચા કરવા માટે ભાજપના અગ્રણી ચેતન રામાણી અને સંતોનું પ્રતિનિધિમંડળ આજે સચિવાલય પહોંચ્યું હતું. ત્યાં તેમણે રાજ્યના શિક્ષણમંત્રી પ્રદ્યુમન વાજા, રોજગારમંત્રી કાંતિભાઈ અમૃતિયા, કાયદામંત્રી કૌશિક વેકરીયા અને હાયર એજ્યુકેશન મંત્રી ત્રિકમભાઈ છાંગા સાથે મહત્વની બેઠક યોજી હતી. સ્વામી રાધારમણદાસજી અને વિવેકસાગરદાસજીના સાન્નિધ્યમાં યોજાયેલી આ બેઠકમાં રાજકીય આગેવાનો પણ જોડાયા હતા. જેમાં અમદાવાદ પશ્ચિમના સાંસદ દિનેશ મકવાણા, મણિનગર ધારાસભ્ય અમૂલ ભટ્ટ અને વાઘોડિયાના ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સૌએ સાથે મળીને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ માટેની આ નિ:શુલ્ક શિક્ષણ વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવવા અંગે વિચારવિમર્શ કર્યો હતો.

**રિપોર્ટ : મનીષ રામાણી**



**સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫**

## ઈટોલા ગામમાં 10 ફૂટનો અજગર સલામત રેસ્ક્યૂ થયો

વડોદરા નજીકના ઈટોલા ગામમાં શનિવારે રાત્રે આશરે 10 ફૂટ લાંબો મહાકાય અજગર દેખાતા ગ્રામજનોમાં દહેશત ફેલાઈ હતી. ગામના સરપંચે જાણ કરતા વાઇલ્ડ લાઇફ રેસ્ક્યુ ટ્રસ્ટની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. સભ્યો હાર્દિક પવાર, ઈશ્વર ચાવડા અને પ્રવીણ પરમારે લગભગ એક કલાકની મહેનત બાદ અજગરને સલામત રીતે રેસ્ક્યૂ કર્યો હતો. બાદમાં અજગરને વડોદરા વન વિભાગને સોંપવામાં આવ્યો. ટીમે જણાવ્યું કે સ્થાનિકોના સહકારથી જોખમી રેસ્ક્યૂ સફળતાપૂર્વક પૂર્ણ થયો.

## બારડોલીમાં બેફામ બસ લારીઓને ટક્કર મારતી કેદ

સુરત જિલ્લાના બારડોલી ખાતે ધૂલીયા ચોકડી નજીક એક ખાનગી લક્ઝરી બસે બેફામ ઝડપમાં અનેક લારીઓ અને એક ક્રેનને ટક્કર મારી હતી. સીસીટીવી ફૂટેજમાં બસ પરિશ્રમ પાર્ક નજીક રસ્તા કિનારે સૂકા મેવાનું વેચાણ કરતી લારીઓને અડફેટે લેતી દેખાઈ છે. આ ઘટનામાં એક મહિલાને ઈજા થઈ હતી અને માલસામાનનું નુકસાન થયું હતું. અકસ્માત બાદ સ્થાનિક લોકોએ બસ ડ્રાઈવરને રોકી દીધો હતો. પ્રાથમિક માહિતી મુજબ ડ્રાઈવર નશાની સ્થિતિમાં હોવાની ચર્ચા છે. 112 ટીમ સ્થળે પહોંચી આગળની પ્રક્રિયા શરૂ કરી હતી.

## મોટરસાયકલ ચોરી: સોસાયટીમાંથી શાઇન ગાયબ

વડોદરાના ગોરવા વિસ્તારમાં આવેલી કૈલાશધામ સોસાયટીમાં વાહન ચોરીની ઘટના પ્રકાશમાં આવી છે. રિફાઇનરી રોડ પર રહેતા ફરિયાદી પ્રેમ પ્રવિણભાઇ જાધવે ફરિયાદ નોંધાવી છે કે તેમનું હોન્ડા શાઇન મોટરસાયકલ ચોરાઈ ગયું છે. ચોરીનો આ બનાવ ગત તા. ૩૧મી ઓક્ટોબરથી ૧લી નવેમ્બર, ૨૦૨૫ દરમિયાન રાત્રે ૨૨:૩૦ થી સવારે ૧૧:૦૦ કલાકની વચ્ચે બન્યો હતો. સોસાયટીમાંથી ચોરાયેલી મોટરસાયકલ (GJ-06-LF-1348)ની કિંમત ₹૩૦,૦૦૦ આંકવામાં આવી છે. ગોરવા પોલીસે ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમ હેઠળ ગુનો નોંધી, વાહન ચોરને શોધવા તપાસ શરૂ કરી છે.

## નવાયાર્ડમાંથી વાહન ચોરી: એક્ટિવા ગાયબ

વડોદરાના ફતેગંજ વિસ્તારમાં વાહન ચોરીની ઘટના સામે આવતા સ્થાનિકોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. નવાયાર્ડમાં રહેતા ફરિયાદી જ્યોતિકાબેન જાદવે ફરિયાદ નોંધાવી છે કે તેમનું બ્લેક કલરનું હોન્ડા એક્ટિવા ચોરાઈ ગયું છે. ચોરીનો આ બનાવ ગત તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૨૫ના રોજ મોડી રાત્રે ૦૧:૦૦ થી ૦૫:૦૦ કલાક દરમિયાન બન્યો હતો. ફરિયાદીનું એક્ટિવા (GJ 06 QE 2920) ફુલવાડી કોલોની, નવાયાર્ડ ખાતે પાર્ક કરેલું હતું, જેની અંદાજિત કિંમત ₹૪૦,૦૦૦ આંકવામાં આવી છે. ફતેગંજ પોલીસે ગુનો નોંધી, વાહન ચોરને ઝડપી પાડવા માટે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. શહેરમાં વાહન ચોરીના વધતા બનાવો પોલીસ માટે પડકારરૂપ બની રહ્યા છે.

## પાર્ટી પ્લોટ બહાર: કારનો કાચ તોડી લાખોની ચોરી

વડોદરાના હરણી વિસ્તારમાં કારનો કાચ તોડી મોટાપાયે ચોરીની ઘટના સામે આવી છે. સુરતના અઠવા લાઈન્સના રહેવાસી આલોક જયસ્વાલની ફરિયાદ મુજબ, તા. ૨૨મી નવેમ્બર, ૨૦૨૫ના રોજ બાલાજી પાર્ટી પ્લોટ બહાર પાર્ક કરેલી તેમની હોન્ડા સિવિક કાર (GJ 05 RJ 4114)નો કાચ તોડી ચોરી થઈ હતી.

ચોર બ્લેક કલરની બેગ ઉઠાવી ગયા, જેમાં એપલ લેપટોપ, એરપોડ્સ, ટીસોટ ઘડિયાળ, ચશ્મા અને ₹૫૦,૦૦૦ રોકડા સહિત કુલ ₹૧,૩૨,૦૦૦ની કિંમતનો મુદ્દામાલ હતો. હરણી પોલીસે ગુનો નોંધી, વધુ તપાસ હાથ ધરી છે.

## ભરૂચ અપહરણ કેસ: સસ્પેન્ડેડ પોલીસકર્મી સહિત બે ઝડપાયા

અમદાવાદ SOG પોલીસની ઓળખ આપી ભરૂચના યુવકનું અપહરણ કરી તોડ કરવાના ચકચારી કેસમાં પોલીસે સસ્પેન્ડેડ જેલ સિપાહી યાજ્ઞિક ચાવડા અને આફતાબ પઠાણને દબોચી લીધા છે. ભરૂચના શેરપુરા રોડ પર રહેતા અફાન કાનીને આ ટોળકીએ ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હતી. ૫૦ લાખની માંગણી સામે અંતે ૪.૫૦ લાખ બળજબરીથી પડાવી લેવાયા હતા. ઝડપાયેલા આરોપી આફતાબના ઘરેથી પોલીસે રોકડા ૧ લાખ રૂપિયા રિકવર કર્યા છે, ઉપરાંત ગુનામાં વપરાયેલી કાર અને યાજ્ઞિકનું એક્ટિવા પણ કબજે કર્યું છે. જોકે, આ ગુનામાં સંડોવાયેલા અન્ય બે આરોપીઓ હજુ ફરાર છે. મહત્વની વાત એ છે કે, અપહરણ સમયે ભોગ બનનાર સાથે રહેલી યુવતી પોલીસ નોટિસ છતાં હજુ સુધી નિવેદન આપવા હાજર થઈ નથી. આ હાઈપ્રોફાઈલ તોડકાંડમાં ફરાર આરોપીઓને ઝડપવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

## વડોદરા: હત્યાની આશંકાએ યુવકનો મૃતદેહ કબર ખોદી કઢાયો

વડોદરાના તાંદલજા વિસ્તારમાં એક સનસનાટીભર્યા કિસ્સામાં દફન કરાયેલા યુવકના મૃતદેહને પાંચ દિવસ બાદ પોસ્ટમોર્ટમ માટે બહાર કાઢવામાં આવતા ચકચાર મચી છે. ૧૮ નવેમ્બરની રાત્રે ૩૨ વર્ષીય ઈર્શાદ વણઝારાનું મોત થતાં પરિવારજનોએ તેને કુદરતી મૃત્યુ માની ૧૯ નવેમ્બરે દફનવિધિ કરી દીધી હતી.

જોકે, પતિના આકસ્મિક મોત બાદ પત્ની ગુલબાનુના ચહેરા પર શોકનો કોઈ ભાવ ન જણાતા પરિવારજનોને શંકા ગઈ હતી. શંકાના આધારે ગુલબાનુનો મોબાઈલ તપાસતા તેમાં મુંબઈના મિત્ર તોસિફ સાથે લાંબી વાતચીત થયાનું સામે આવ્યું હતું. મૃતકના ભાઈ ઈમ્તિયાઝે ગંભીર આક્ષેપ કર્યા છે કે, ગુલબાનુએ તેના પ્રેમી અને અન્ય એક શખ્સ સાથે મળીને ઈર્શાદને પહેલા ઊંઘની ગોળીઓ આપી બેભાન કર્યો હતો અને ત્યારબાદ ગળું દબાવીને તેની ઠંડા કલેજે હત્યા કરી હતી.



પરિવારના દાવા મુજબ, કડક પૂછપરછમાં પત્નીએ ગુનો કબૂલ્યો પણ હતો. આ ગંભીર આક્ષેપોને પગલે તંત્ર હરકતમાં આવ્યું હતું. મેજિસ્ટ્રેટની હાજરીમાં કબર ખોદાવી મૃતદેહને બહાર કાઢવામાં આવ્યો હતો અને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે ગોત્રી હોસ્પિટલ ખસેડાયો છે. હાલ પોલીસે પીએમ રિપોર્ટ આવવાની રાહ જોઈ રહી છે, જેના આધારે આ હત્યા છે કે કુદરતી મોત તે રહસ્ય પરથી પડદો ઉચકાશે.

## ડેસર પોલીસનો સપાટો: બે કારમાંથી 2.79 લાખનો દારૂ ઝડપ્યો



વડોદરા જિલ્લામાં પ્રોહિબિશનની કડક અમલવારી છતાં બુટલેગરો સક્રિય છે, ત્યારે ડેસર પોલીસે બાતમીના આધારે સપાટો બોલાવ્યો છે.

ડેસર પોલીસની ટીમને પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતી કે વેજપુરથી કેનાલના રસ્તે સિલ્વર કલરની બે ગાડીઓમાં વિદેશી દારૂની હેરાફેરી થઈ રહી છે. આ માહિતીની ખરાઈ કરીને પોલીસે વેજપુરથી ધરમપુરા જતા રસ્તે નર્મદા કેનાલ પાસે છટકું ગોઠવ્યું હતું. તે સમયે બે શંકાસ્પદ કાર ત્યાં આવી પહોંચતા પોલીસે તેને કોર્ડન કરી હતી. પોલીસે હોન્ડાઈ એસેટ (GJ05CP2717) અને સ્વીફ્ટ (GJ06RB9200) ગાડીની ઝીણવટભરી તપાસ કરતા તેમાં છુપાવેલો ભારતીય બનાવટના વિદેશી દારૂ અને બિયરનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે કુલ 1318 નંગ બોટલ/ટીન કિંમત રૂ. 2,79,486 કબજે કર્યા છે. વાહનોની કિંમત સાથે કુલ 9.54 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ રેડમાં ડેસરના બ્રાહ્મણ ફળિયામાં રહેતો નિલેશ ઉર્ફે સોનુ દિલીપસિંહ રાઠોડ પોલીસના હાથે ઝડપાઈ ગયો છે. જ્યારે બીજો આરોપી મહેન્દ્ર બારીયા પોલીસને જોઈને નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. **રીપોર્ટર: કિરણસિંહ સોલંકી, ડેસર**

## જાકાર્તામાં ત્રણ ગુજરાતી બંધક: ૧૮ લાખની ખંડણી માંગાઈ

ઈરાન બાદ હવે ઈન્ડોનેશિયાના જાકાર્તામાં ત્રણ ગુજરાતીઓ ફસાયા હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. અમદાવાદનું દંપતી અને એક મિત્ર ફરવા ગયા હતા, જ્યાં એજન્ટ પ્રવીણ શર્માએ તેમને ઓસ્ટ્રેલિયાના નકલી વિઝા મોકલી ઈમિગ્રેશનના ચક્કરમાં ફસાવી દીધા છે. ત્યાંના એજન્ટોએ ઈમિગ્રેશન ઓફિસરની ઓળખ આપી યુવકને કરંટ આપી ટોર્ચર કર્યો હતો અને પાસપોર્ટ જપ્ત કરી લીધા છે. હાલ આ ત્રણેયને એક હોટલમાં ગોંધી રાખી મુક્તિ માટે પરિવાર પાસે ૧૮ લાખ રૂપિયાની ખંડણી માંગવામાં આવી છે. પીડિત પરિવારે તાત્કાલિક ભારતીય દૂતાવાસની મદદ માંગી છે.

## વીજપડી ગામે ૧૨૬મો નેત્ર નિદાન કેમ્પમાં ૧૨૪ દર્દીઓની તપાસ

સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામે સમાજહિત માટેનું એક પ્રશંસનીય આયોજન થયું. રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર, મુંબઈના આર્થિક સહયોગથી લાયન્સ કલબ ઓફ અમરેલી તથા શ્રી માધવ સેવા ટ્રસ્ટ વીજપડી દ્વારા સુદર્શન નેત્રાલય અમરેલીના સહકારથી ૧૨૬મો નેત્ર નિદાન કેમ્પ યોજાયો. રવિવારે શ્રી ગાયત્રી વિદ્યાલય ખાતે યોજાયેલ આ કેમ્પમાં વિવિધ ગામોના ૧૨૪ લોકો આંખની સારવાર માટે હાજર રહ્યા. તપાસ દરમ્યાન ૨૫ દર્દીઓમાં મોતીયાના ઓપરેશનની જરૂરિયાત જણાતા તેમને સુદર્શન નેત્રાલય સુધી સરળતાથી પહોંચાડવા માટે વિશેષ વાહનની વ્યવસ્થા કરવામાં આવી. કેમ્પના મુખ્ય દાતા રમાબેન પારેખ પરિવારે તમામ દર્દીઓ માટે ચા, પાણી તેમજ બપોરના ભોજનની ઉત્તમ વ્યવસ્થા કરી. કેમ્પને સફળ બનાવવા માધવ સેવા ટ્રસ્ટના સેવાભાવી આગેવાનો તથા વોલન્ટિયર્સે સક્રિય ભાગ ભજવ્યો. ભાવેશભાઈ લાડુમોરે પણ આ સેવાકીય કાર્ય માટે સૌનો આભાર વ્યક્ત કર્યો.



## સાવરકુંડલા: સરદાર@૧૫૦ યુનિટી માર્ચ, સરદાર ચોકની જાહેરાત

સાવરકુંડલામાં આજે રાષ્ટ્રભક્તિનો અનોખો માહોલ જોવા મળ્યો હતો. સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિના વર્ષની ઉજવણીના ભાગરૂપે 'સરદાર@૧૫૦ યુનિટી માર્ચ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. વહીવટી તંત્ર દ્વારા આયોજિત આ પદયાત્રામાં સાંસદ શ્રી ભરતભાઈ સુતરિયા અને ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. યાત્રા દરમિયાન ધારાસભ્ય મહેશ કસવાલાએ એક સંવેદનશીલ અને મહત્વપૂર્ણ જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતું કે આઝાદીના આટલા વર્ષો બાદ પણ સાવરકુંડલામાં સરદાર સાહેબની જાહેર પ્રતિમા ન હોવી એ દુર્ભાગ્યપૂર્ણ છે. આથી, તેમણે સંકલ્પ જાહેર કર્યો કે ટૂંક સમયમાં જ કે.કે. હાઈસ્કૂલ પાસે સરદાર સાહેબની ભવ્ય પ્રતિમા સ્થાપિત કરવામાં આવશે અને ત્યાં નવો 'સરદાર ચોક' બનાવવામાં આવશે. નગરજનોએ તાળીઓના ગડગડાટથી આ નિર્ણયને વધાવ્યો હતો. વિવિધ ધર્મના સંતો અને હજારો નાગરિકોની હાજરીમાં આ યાત્રા સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે પૂર્ણ થઈ હતી. **રીપોર્ટર - સમીર ખોખર, અમરેલી**



## બાવળા સુથારવાસમાંથી ૫.૬૪ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

અમદાવાદ ગ્રામ્યના બાવળામાં બુટલેગરો કેટલા બેખોફ બન્યા છે તેનો વધુ એક પુરાવો સામે આવ્યો છે. બાવળાના સુથારવાસ વિસ્તારમાં એક ખુલ્લા પ્લોટમાં પાર્ક કરેલી કારમાંથી પોલીસે લાખો રૂપિયાનો વિદેશી દારૂનો જંગી જથ્થો ઝડપી પાડ્યો છે.

ઘટનાની વિગત એવી છે કે, સુથારવાસમાં ચીંટુ ઉર્ફે પંકજ ઠાકોરના ઘરની બાજુમાં એક સફેદ કલરની આઈ-૧૦ ગાડી (નંબર GJ-38-BG-7031) શંકાસ્પદ રીતે પડી હોવાની પોલીસને બાતમી મળી હતી. જેના આધારે વોચ ગોઠવી તપાસ કરતા ગાડીની અંદરથી ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો અને બિયરના ટીનનો ખડકલો મળી આવ્યો હતો. પોલીસે ગણતરી કરતા કુલ ૬૨૨ બોટલ અને ટીનનો જથ્થો નીકળ્યો હતો.

પોલીસે દારૂ અને બિયર મળી કુલ રૂ. ૫,૬૪,૩૬૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આ ગોરખધંધામાં સંડોવાયેલા ત્રણ બુટલેગરો, ગાડીનો માલિક અને ચાલક એમ કુલ પાંચ ઈસમો રેડ દરમિયાન હાજર ન મળતા તેમને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. રહેણાંક વિસ્તારની વચ્ચે ખુલ્લા પ્લોટમાં દારૂનું વહન કરતી ગાડી બિનવારસી હાલતમાં મળી આવતા અનેક સવાલો ઉભા થયા છે. હાલ પોલીસે ફરાર પાંચેય આરોપીઓની શોધખોળ હાથ ધરી છે.

**સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫**